	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૧૬/૦૫/૨૦૨૨ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૮૭૦/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૫/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૮	૦	૧૩૮	૪૧૬	૦	૪૧૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૯૧	૦	૧૦૦૬૯૧	૧૦૯૫૯૪	૦	૧૦૯૫૯૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯	૨,૮૪,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૦	૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૭૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૭૬ લીટર દેશી દારૂ, ૩૬૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૩૨ ક્વોટર ઈંગ્લીશ દારૂ, ૦૨ કાર, ૦૧ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૭૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- **સમાચાર યાદી નં.૮૭૩/૨૦૨૨**

સાયબર ક્રાઇમઃ મીતભાઇ ધર્મેશભાઇ સોની (ઉ.વ.૨૪)(રહે,મંગલમુર્તિ ફ્લેટ, લક્ષ્મી કોલોની આવકાર હોલ, ધોડાસર) એ તા.૧૫/૦૫/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧)"સિબા મેજીક" નામની કંપની બનાવનાર મનોજભાઇ શાહ (૨) ક્રીપ્ટો આઇ.ડી TJiDXj8t1YFLuYuwNrKc539reWceW5arkp ના ધારક તથા (૩) IDFC બેંક એકાઉંટ નંબર ૧૦૦૨૧૨૩૬૭૦૦ IFSC-IDFB0040103 તથા IDBI બેંક એકાઉંટ નં.૦૧૨૩૧૦૪૦૦૦૪૦૪૯૧૪ IFSC-IBKL0000123 ના ધારકે ભેગામળી "સીબા મેઝીક" નામથી ફેક વેબસાઇટ બનાવી, "જુદા-જુદા પેકેજ મુજબની રકમ ઇન્વેસ્ટ કરવાથી જુદા-જુદા દિવસો સુધી સીબાઇનુ કોઇન હારવેસ્ટ થવાથી ડેઇલી રીર્ટન મેળશે જેનાથી ઇન્વેસ્ટ કરેલ રકમ ટુંકા ગાળામાં ડબલ થઇ જશે" તેવી લાલચ આપી તેમજ મીતભાઇએ ઇન્વેસ્ટ કરેલ રકમના જુદા-જુદા આઇ.ડી.બનાવી તેમા સીબાઇનુ કોઇન ડેઇલી હારવેસ્ટ થતા હોવાનું દેખાય તેવુ પ્રોગ્રામીંગ સેટ કરી, જુદા-જુદા પેકેજ પેટે કુલ રૂપિયા ૧૨,૪૫,૨૦૦/- ઇન્વેસ્ટ કરાવી મેળવી લઇ તેમજ રૂપિયા ૧,૬૫,૦૦૦/- પરત કર્યા બાદ કંપની વેબસાઇટમાંથી વિડ્રોલ ઓપશન ડીલીટ કરી દઇ, મીતભાઇ અને તેમના પિતાજી તેમજ તેઓ મારફતે તેમના મીત્રોએ કંપનીમાં કરેલ ઇન્વેસ્ટનું સ્કીમમાં જણાવ્યા મુજબનું ડેઇલી રીર્ટન કે ઇન્વેસ્ટમેન્ટ રકમ પરત નહી કરી વિશ્વાધાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.સરોદે ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૮૭૪/૨૦૨૨**

ચાંદખેડાઃ મુકેશભાઈ બાબુલાલ મહેતા (ઉ.વ.૫૫)(રહે.સંગાથ-૩ મોટેરા સ્ટેડીયમ ની બાજુમા ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૨ ના કલાક ૧૦/૦૦ થી સાંજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક મકાનના કમ્પાઉન્ડનો નાનો ગેટ ખોલી અજાણી વ્યક્તિ કમ્પાઉન્ડમાં આવેલ જૈન દેરાસર મંદીરમાં પ્રવેશ કરી, સ્તુતીનાથ ભગવાન ઉપર ચઢાવેલ ચાંદીનો મુગટ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- તેમજ ભગવાનના ગળામા પહેરાવેલ સોનાનો પેંડલ સહિતનો દોરો કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૮૭૫/૨૦૨૨**

માધવપુરાઃ પ્રકાશભાઇ જેઠાભાઇ મકવાણા (ઉ.વ.૩૩)(રહે, જયચામુંડા માતાની ચાલી રામાપીરનો ટેકરો, જુના વાડજ) તા.૧૧/૦૫/૨૦૨૨ ના રોજ માધવપુરા "રવિ એસ્ટેટ" ખાતે આવેલ "એચ.કે.ટેક્સટાઈલ" નામની દુકાનમાં મોલ્ડીંગનું કામ કરતા હતા દરમ્યાન કોઇ કારણોસર દુકાનમા આગ લાગતા, પ્રકાશભાઇ શરીરે દાઝી જતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૫/૨૦૦ બપોરના ૧/૦૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૮૭૬/૨૦૨૨**

આનંદનગરઃ લતાબહેન વિનોદભાઈ પુરોહીત (ઉ.વ.૪૦)(રહે.શરણમ-૧૨, ગ્રીન એકર્શની સામે આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૫/૨૦૨૨ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરની ગેલેરીમાંથી નીચે પડતુ મુકતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને શેલ્બી હોસ્પીટલમાં દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૫/૨૦૨૨ સાંજના ૭/૨૦ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.ઝાલા ચલાવે છે.

નરોડાઃ સુનીતા જતીન સોની (ઉ.વ.૨૯)(રહે.હીમાલયા ગ્રીન નરોડા ગેલેક્ષી પાસે, નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૫/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરની પાંચમા માળની ગેલેરીમાંથી નીચે પડતુ મુકતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન તા.૧૪/૦૫/૨૦૨૨ રાતના ૮/૪૫ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.